CITY પલ્સ

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર


શુક્રવાર ૩ એપ્રિલ, ૨૦૨૬

મજ્જેની LIFE

## યુવાઓને ક્રિએટિવ અને એનર્જેટિક જોઈએ એટલે અવનવા ડ્રમિંગનો ટ્રેન્ડ આવ્યો



12 જેટલા દેશોમાં પોતાના ડ્રમ વાદનથી લોકોને અભિભૂત કરનારા સુરતના ડ્રમિસ્ટ મોન્ટુ મિસ્ત્રીએ જણાવ્યું કે, અત્યારની જનરેશનને પાર્ટી કલ્ચરમાં ક્રિએટિવ અને એનર્જેટિક જોઈએ એટલે તેમની ડિમાન્ડને ધ્યાનમાં રાખીને વોટર ડ્રમિંગ, ફાયર ડ્રમિંગ, પૂલ પાર્ટી ડ્રમિંગનો ટ્રેન્ડ લાવવામાં આવ્યો છે. સુરતમાં પૂલ પાર્ટીમાં ડ્રમિંગનો ટ્રેન્ડ દોઢ બે વર્ષથી છે. હવે તો પાર્ટી એન્જોય કરવા આવેલી ગર્લ્સ પણ ડ્રમ વગાડવા લાગી જાય છે એમાં તેમને ખૂબ આનંદ આવતો હોય છે. ઘણીવખત દુલ્હન પણ ઢોલવાદન કરી પોતાના વેડિંગને યાદગાર બનાવે છે. મોટાભાગે રાત્રીના ઇન્ડોર કે મોટા ગ્રાઉન્ડમાં થતી રાત્રી પાર્ટીમાં ડ્રમિંગ કલ્ચર વધ્યું છે. હોળી-ધૂળેટીની પૂલ કે રેઈન ડાન્સ પાર્ટી દિવસે થતી હોય ત્યારે દિવસના સમયે ડ્રમિંગ થતું હોય છે.



## વિવિધ થીમ પાર્ટીઝમાં વોટર ડ્રમિંગ GEN-Zમાં અટ્રેકશનનું કેન્દ્ર

GEN-Zને બધું અવનવું જોઈતું હોય એટલે તેમની બર્થડે પાર્ટી, વેલેન્ટાઈન પાર્ટી, ફ્રેન્ડશીપ ડે પાર્ટીમાં વોટર ડ્રમિંગનો આઈડિયા ક્રિએટ કરાયો. આમાં જ્યારે ડ્રમ પર સ્ટીક ફોર્સથી વગાડવામાં આવે ત્યારે ડ્રમની નીચે પાણીની મોટર સાથે પાઇપ લગાવેલી હોય તેનું પાણી ડ્રમ પર પડે અને પાણીના ડ્રોપ્સ ઉછળતા હોય તેવું દેખાય. આ કોન્સેપ્ટમાં પાણી ભરેલી ડોલ હિડન હોય, નીચે લાઈટ પણ લગાવેલી હોય. લાઈટના ચમકારામાં પાણીના ડ્રોપ્સ ઉછળે તે ખરેખર ક્રિએટિવ અને અટ્રેકટિવ લાગે. અહીં સ્ટેજ પર બ્લેકઆઉટ હોય. ફોકસ માત્ર ડ્રમિસ્ટ અને તેના ડ્રમ તથા સ્ટીક પર જ હોય. આમાં પાણીથી ડ્રમ ખરાબ થવાની શક્યતા નથી.

## કોન્સર્ટ ડ્રમિંગમાં પબ્લિક સાથે ડ્રમિસ્ટની જુગલબંધી

ઓડિટોરિયમમાં કોન્સર્ટ થતા હોય તેમાં પણ હવે 10થી 15 મિનિટ ડ્રમ પ્લેઈંગનો કોન્સેપ્ટ પોપ્યુલર થઈ રહ્યો છે. આમાં ડ્રમિસ્ટ ડ્રમ વગાડે અને એજ રીધમમાં લોકો ક્લેપિંગ કરે એ રીતે પ્રેક્ષક અને ડ્રમિસ્ટની જુગલ બંધી થતી હોય છે. આમ તો જનરલી બે મ્યુઝિશયનની જુગલબંધી થતી હોય પણ અહીં ઊલટું હોય છે. સૂફી કોન્સર્ટ વગેરેમાં આ રિતનું ડ્રમિંગ થાય છે. ધુળેટીમાં મોટી રેઈન ડાન્સની ઈવેન્ટ થતી હોય છે. રેઈન ડાન્સનો જે સેટઅપ હોય એમાં ફક્ત DJ હોય તો એવું થાય કે, આ પાર્ટીમાં સામેલ વ્યક્તિ એકલી એકલી ડાન્સ કરે પણ જ્યારે તેમાં ડ્રમિંગ થાય ત્યારે રેઈન ડાન્સ કરતા વ્યક્તિઓની વચ્ચેથી ડ્રમિસ્ટ ડ્રમ પ્લે કરતા કરતા પસાર થાય ત્યારે લોકોનો ડ્રમિસ્ટની આજુબાજુ ડાન્સ કરવાનો ઉત્સાહ વધી જાય છે.

# વૉટર અને ફાયર ડ્રમિંગ

## ડ્રમ બિટ્સ માત્ર સંભળાય નહીં; દેખાય-અનુભવાય પણ

કોઈ બર્થડે કે વેડિંગ કે પછી ક્લબ પાર્ટી ચાલતી હોય, સ્ટેજ પર ડ્રમર ડ્રમ વગાડતા હોય, સ્ટેજ પર અંધકાર છવાયેલો હોય અને અચાનક જ ડ્રમમાંથી પાણીના ડ્રોપ્સ ઉછળતા દેખાય કે પછી ડ્રમરના પોતાના ડ્રમમાંથી કે તેની આજુબાજુ ગોઠવાયેલા ડ્રમમાંથી ફાયર ફ્લેમ નીકળતી દેખાય તો એ પાર્ટીનો નજારો કેટલો અદ્ભૂત લાગેને ! સુરત સિટીમાં ડ્રમિંગનો આ ટ્રેન્ડ ચાર પાંચ વર્ષથી જોવા મળે છે. હવે તો બર્થડે પાર્ટી હોય કે ફ્રેન્ડશીપ ડે કે વેલેન્ટાઈન ડેની પાર્ટી હોય તેમાં DJ કરતા પણ વધારે લોકોને ડિફરન્ટ ટાઈપના ડ્રમિંગ વધારે અટ્રેક્ટ કરવા લાગ્યા છે. ડ્રમ વાગતું હોય અને તેમાંથી પાણીની ધાર છૂટવા લાગે તો એ કેવી રીતે થઈ રહ્યું છે તેના વિચારમાં મગજ દોડવા લાગે. વળી, ઢોલમાંથી પાણી નીકળે તો પછી એ ઢોલ ખરબ નહીં થઈ જાય એવો સવાલ પણ થાય. આવા ડિફરન્ટ અને રોમાંચક ડ્રમિંગનો ટ્રેન્ડ કેમ યંગ જનરેશનને ગમે છે? ચાલો તે જાણીએ...



## વેડિંગમાં પૂલ પાર્ટી વખતે ડ્રમિંગ જાનૈયાઓનો ઉત્સાહ વધારે છે

આમ તો ધૂળેટીના દિવસે પણ પૂલ પાર્ટીની મજા લેવાતી હોય છે તેમાં પણ હવે DJ સેટઅપની સાથે ડ્રમિંગ સેટઅપનો ટ્રેન્ડ છે. પૂલમાં પાણીની અંદર રહેલા વ્યક્તિઓની સામે પૂલની બહાર ડ્રમર ડ્રમ વગાડે એટલે પૂલની અંદર ઉતરેલી વ્યક્તિઓનો ડાન્સ કરવાનો મૂડ બની જાય છે. હવે વેડિંગમાં પૂલ પાર્ટીનો ટ્રેન્ડ છે. તેમાં પણ હવે તો DJ સેટઅપ સાથે લાઈવ ડ્રમિંગના સેટઅપનો કન્સેપ્ટ લોકોને ઘણો પસંદ આવી રહ્યો છે. વેડિંગ અને ધૂળેટીની પૂલ પાર્ટી મોટાભાગે સવારમાં જ થતી હોય. આમાં ડ્રમ સાથેની પૂલ પાર્ટી ખૂબ ટ્રેન્ડિંગ બની છે.



## ફાયર ડ્રમિંગમાં ડ્રમ વાગતું હોય અને ડ્રમમાંથી ફાયર નીકળે તે નજારો અદ્ભૂત

ઓપન ગ્રાઉન્ડ કોર્પોરેટ પાર્ટી અને વેલેન્ટાઈન પાર્ટીમાં ફાયર ડ્રમિંગ પર્ફોર્મ કરાતું હોય છે. આમાં ડ્રમની અંદર સિલિન્ડર હોય, પાઈપ લગાવેલી હોય, સ્પાર્ક મૂક્યું હોય. પ્લગીંગ કર્યું હોય તેનું મશીન ડ્રમિસ્ટના પગની નીચે હોય. તેને પગથી પુશ કરાય એટલે ફ્લેમ ઉપર આવે અને ડ્રમ વગાડાતું હોય. આના માટે ખાસ્સી પ્રેક્ટિસ કરવામાં આવતી હોય છે. જ્યારે ડ્રમ વગાડાય ત્યારે ફ્લેમનો ફ્લો ઓછો હોય. ફાયર ડ્રમિંગ વખતે ડ્રમિસ્ટની આજુબાજુ લોકોને 15-20 ફૂટ દૂર કરાય છે. ડ્રમિસ્ટ ફાયર સેફ્ટી ચશ્માં લગાવે છે અને માસ્ક પણ. સ્ટીક લાંબી હોય એટલે દૂરથી ડ્રમ વગાડાય છે. ડ્રમની વચ્ચે કટ કરાયું હોય તેની અંદરથી ફ્લેમ નીકળે છે. ડ્રમમાંથી ફાયર નીકળે તે જોવું લોકોને અદ્ભૂત લાગે છે. આજુબાજુમાં ગોઠવવામાં આવેલા ડ્રમમાંથી પણ ફ્લેમ નીકળતી હોય તેવું પણ સેટઅપ કરાય છે.



## મિડલ એજ લોકોમાં ગરબા ડ્રમિંગમાં ડાક વગાડવાનો ટ્રેન્ડ

ગરબામાં સિંગર ગાતા હોય અને એની વચ્ચે ઢોલવાદન કરીને ખેલૈયાઓને નચાવાય છે. 4થી 5 હજારની પબ્લિકના ગરબામાં ડાક ઈન્સ્ટ્રુમેન્ટ સ્ટેજ પરથી વગાડાય એટલે લોકો વધારે ઉત્સાહમાં આવી જાય. ગરબામાં ડ્રમિંગ વધારે તો મિડલ એજના લોકોને ગમે છે. વેડિંગ કે અન્ય ફંક્શનમાં ગરબા થતા હોય તેની વચ્ચે બોડી પર ઢોલ લટકાવીને વાદન થાય ત્યારે ક્રાઉડ ઢોલવાદક પાસેથી ઢોલ લઈને પોતે વગાડવા લાગે અને બીજા લોકો ડાન્સ કરી ઈવેન્ટને ફૂલ એન્જોય કરે છે.

---

Succcess મંત્ર

# સુરતના યુવા મિતુલની ફિલ્મે રિલીઝ પહેલા જ મેળવ્યા કાન્સ સહિતના એવોર્ડ

હરીશ રાણાને દેશભરના લોકો હજી ભૂલ્યા નથી. 13 વર્ષ કોમાની સ્થિતિમાં રહ્યા બાદ તેમને નિષ્ક્રીય ઈચ્છા મૃત્યુ આપવામાં આવી હતી. આ ઘટનાની યાદો 24 એપ્રિલે ફરી તાજા થશે. 24 એપ્રિલે દેશભરના સિનેમા ઘરોમાં નિષ્ક્રીય ઈચ્છા મૃત્યુ વિષય પરની ‘મર્સી’ ફિલ્મ રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મની વાત આપણે અહીંયા એટલા માટે કરી રહ્યા છીએ કેમકે આ ફિલ્મની કહાની, નિર્માણ અને દિગ્દર્શન સુરતના 23 વર્ષીય યુવાન મિતુલ ભાવેશભાઈ પટેલે કર્યું છે. આદિલ હુસેન, રાજ વાસુદેવા અને નિહારિકા રાયજાદા આ ફિલ્મમાં પ્રમુખ ભૂમિકાઓમાં નજર આવશે. મર્સી ફિલ્મે અનેક ફિલ્મ ફેસ્ટિવલમાં સરાહના મેળવી છે. જેમનું બાળપણ સુરતમાં વીત્યું તે મિતુલ ભાવેશભાઈ પટેલનું નામ આજે આ ફિલ્મને કારણે દેશભરમાં ચર્ચાનો વિષય છે. મિતુલ પટેલને આ ફિલ્મ બનાવવાની પ્રેરણા કઈ રીતે મળી, આ ફિલ્મ બનાવવાની પ્રક્રિયામાં તેમને કેટલા વર્ષ લાગ્યા, તેમને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કરિયર બનાવવા માટે તેમના પેરેન્ટ્સનો કેવો સપોર્ટ મળ્યો, આ ફિલ્મ રિલીઝ થતા પહેલા જ કેમ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં સરાહના પામી, મિતુલ પટેલની આ ફિલ્મે કેટલા એવોર્ડ જીત્યા ? ચાલો તેની વાતો અહીં કરીએ.....




## મિતુલ પટેલની 24 એપ્રિલે નિષ્ક્રિય ઈચ્છા મૃત્યુના વિષય પરની ‘મર્સી’ ફિલ્મ રિલીઝ થશે

સુરતના યંગ ફિલ્મ ડાયરેકટ, લેખક અને પ્રોડ્યુસર મિતુલ પટેલની પહેલી ફિલ્મ ‘મર્સી’ આગામી 24 એપ્રિલે દેશભરમાં 30થી 40 સ્ક્રીન પર રિલીઝ થશે. એક કલાક 40 મિનિટની આ ફિલ્મ ફેબ્રુઆરી 2024માં શૂટ કરવામાં આવી હતી અને એડિટ થઈને ફિલ્મનું નિર્માણકાર્ય નવેમ્બર 2024માં પૂર્ણ થયું હતું. 23 વર્ષીય મિતુલે આ ફિલ્મ પર સાડા ત્રણ વર્ષ કામ કર્યું હતું. ફિલ્મમાં 5 ગીતો છે. સોનું નિગમે પણ ગીત ગાયું છે. આ ફિલ્મની પ્રેરણા પરેશ રાવલના તેમની મધર કોમામાં ચાલ્યા ગયા હતા તેના પરના એક ભાવુક ઈન્ટરવ્યૂ પરથી મળી હતી.

## મિતુલ ફિલ્મ લાઇન તરફ કઈ રીતે વળ્યાં?

યંગ ફિલ્મ ડાયરેકટર મિતુલ પટેલે 12માં ધોરણ સુધીની સ્ટડી સુરતમાં કરી હતી. તેમણે જણાવ્યું કે, 10મા ધોરણના અભ્યાસ બાદ મારે મારું ભવિષ્ય કઈ દિશામાં ઘડવું છે તે નક્કી કરવાનું હતું. ફિલ્મ જોવાનો મને ખુબ શોખ હતો એટલે 12th કોમર્સના અભ્યાસ બાદ મેં ફિલ્મો તરફ વળવાનું નક્કી કર્યું અને અનેક સપના લઈને હું મુંબઈ 2020માં આવ્યો અહીં મેં બેચલર ઓફ આર્ટ્સ ઈન ફિલ્મ, ટેલિવિઝન એન્ડ ન્યૂ મીડિયા પ્રોડક્શન ( BAFTMP)નો ત્રણ વર્ષનો ડીગ્રી કોર્સ કર્યો. અમારે કોલેજમાં થિસીસ ફિલ્મ બનાવવાની હોય ત્યારે મેં આગામી 24 એપ્રિલે મારી જે ફિલ્મ રિલીઝ થવાની છે તેનું લેખન સ્ટાર્ટ કર્યું હતું. તે શોર્ટ ફિલ્મ બનવાની હતી પણ નહીં બની શકી. આ ફિલ્મની સ્ક્રીપ્ટ લઈને હું ફિલ્મ લાઈનના ઘણા લોકોને મળ્યો જેમાં આ ફિલ્મના કો-પ્રોડ્યુસર રાજ વાસુદેવાને પણ મળ્યો હતો તેમને ફિલ્મની સ્ક્રીપ્ટ ગમી અને મારું ફિલ્મી કરિયર સ્ટાર્ટ થયું.





## કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન ફિલ્મનું ટ્રેલર લોન્ચ થયું હતું, એવોર્ડ પણ જીત્યા



કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં 2024માં ઈન્ડિયન પેવેલીયનમાં આ ફિલ્મનું ટ્રેલર લોન્ચ થયું હતું. ફિલ્મને લંડન ઈન્ડિપેન્ડન્ટ ફિલ્મ ફેસ્ટિવલમાં બેસ્ટ ઈટરનેશનલ ફીચર ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો. જયપુર ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં મિતુલ ભાવેશભાઈ પટેલને બેસ્ટ ડેબ્યુ ડયરેક્ટરનો એવોર્ડ મળ્યો હતો. ફિલ્મના કો-પ્રોડ્યુસર અને એક્ટર રાજ વાસુદેવાને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો. આ ફિલ્મ UK એશિયન ફિલ્મ ફેસ્ટિવલ, ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્ન, શિકાગો સાઉથ એશિયન ફિલ્મ ફેસ્ટિવલ અને લવ એન્ડ હોપ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ સહિત અનેક આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર ટ્રાવેલ કરી ચુકી છે.

## માતા-પિતાનો ફૂલ સપોર્ટ મળ્યો, ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝમાં જ આગળનું કરિયર સેટ કરશે

સુરતનું ગૌરવ બનેલા મિતુલ પટેલે જણાવ્યું કે મને ફિલ્મો તરફ વળવા માટે મારા માતા-પિતાનો ફૂલ સપોર્ટ મળ્યો છે. સ્ટડીમાં મારા ડિસન્ટ માર્ક્સ રહેતા એટલે મારા પેરેન્ટ્સને પૂરો ભરોસો હતો કે તેમનો દીકરો ભવિષ્યમાં ખૂબ સારું કરશે. મારા પેરેન્ટ્સ સુરતમાં રહે છે અને હું મુંબઈમાં મારા નાનીના ઘરે રહું છું. આ ફિલ્મ રિલીઝ થશે તેના એક બે દિવસમાં કદાચ હું સુરત આવીશ.